પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૧ | ૧ ડિસેમ્બર, ૨૦૧૭, શુક્રવાર ; માગસર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### તામિલનાડુમાં ભારે વરસાદ

તામિલનાડુમાં ભારે વરસાદ અને તોફાની પવનથી ચારના મોત નિપજયા છે. જો કે કન્યાકુમારીમાં સામાન્ય જનજીવન યથાવત રહ્યું. હવામાન વિભાગે કેરળ અને દક્ષિણ ભારતના કાંઠાના વિસ્તારમાં ભારે વરસાદ અને તોફાનની ચેતવણી આપી છે.

### પંજાબના લુધિયાણામાં ભૂકંપના આંચકા

લુધિયાણા-સંગરુર નજીક સાંજે ૫.૧૫ લાકે ૩.૮ની તીવ્રતાવાળા ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

### ‘આપ’માં આંતરિક વિખવાદ

આમ આદમી પાર્ટીના કુમાર વિશ્વાસની ઓડિયો કિલપ જાહેર થવાથી પક્ષનો આંતરિક વિખવાદ સામે આવ્યો છે. ઓડિયો કિલપ છ મહિના જૂની હોવાનું જણાવાય છે તેમાં કુમાર વિશ્વાસ કહી રહ્યા છે કે ત્રણ લોકોએ પાર્ટી બનાવી -એક સીએમ, બીજા ડેપ્યુટી સીએમ અને ત્રીજા કંઈ નહીં.

### એકે એંટનીને બ્રેઈન હેમરેજ

પૂર્વ રક્ષામંત્રી એ.કે એંટનીની અચાનક તબિયત બગડતા તેમને રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના સીનિયર ડોક્ટરના જણાવ્યા પ્રમાણે એંટનીને માઈનોર બ્રેઈન હેમરેજ થયું હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# કાશ્મીર સરહદે પાંચ આતંકવાદી ઠાર

**સુરક્ષા દળોને મોટી સફળતા મળી : મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકો જપ્ત : વર્ષ ૨૦૧૦ બાદ સૌથી વધુ ત્રાસવાદીનો ખાતમો**



શ્રીનગર, તા.૩૦

સુરક્ષા દળોને જમ્મુકાશ્મીરમાં વધુ એક મોટી સફળતા હાથ લાગી છે. સુરક્ષા દળોએ આજે બાતમી બાદ હાથ ધરવામાં આવેલા દિલધડક ઓપરેશનમાં જુદી જુદી અથડામણમાં પાંચ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આની સાથે જ મોતનો આંકડો ત્રાસવાદીઓએના પક્ષે ૨૦૦થી પણ ઉપર પહોંચી ગયો છે. બડગામમાં ચાર કુખ્યાત ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જ્યારે બારામુલ્લાના સોપોરેમાં સુરક્ષા દળોએ એક ત્રાસવાદીને મોતને ઘાટ ઉતારી દીધો છે. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. સુરક્ષા દળો અને સેનાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ છે કે બડગામમાં આજે વહેલી સવારે આર્મી, સીઆરપીએફ અને બડગામ પોલીસ દ્વારા મોટા પાયે ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. પખેરપોરામાં ફુટલીપોરા ગામમાં જેશે મોહમ્મદના કેટલાક ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી

● અનુસંધાન પાન-૫ પર

# ખતરનાક ત્રાસવાદી હાફિઝ પુનઃ જેલમાં

**મુંબઇ હુમલાના માસ્ટરમાઇન્ડ હાફિઝ સઇદને મુક્ત કરવામાં આવ્યા બાદ અમેરિકા- ભારતે ચિંતા વ્યક્ત કરી હતી**



નવી દિલ્હી, તા.૩૦

અમેરિકા અને ભારત સહિત દુનિયાના જુદા જુદા દેશો દ્વારા ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવ્યા બાદ અને તીવ્ર દબાણ વધારી દેવામાં આવ્યા બાદ હવે પાકિસ્તાનને ફરી ઝુંકવાની ફરજ પડી છે. પાકિસ્તાને દબાણ સમક્ષ ઝુંકીને ફરી એકવાર ખતરનાક ત્રાસવાદી અને મુંબઇ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદને જેલ ભેગો કરવાની ફરજ પડી છે. હાફિઝને ફરી કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. જો કે તેને આ વખતે ક્યા કેસમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો છે તે સંબંધમાં માહિતી મળી શકી નથી. તેને છોડી મુકવામાં આવ્યાના સપ્તાહ બાદ જ તેને પકડી લેવામાં આવ્યો છે. હાઈકોર્ટે તેને હાલમાં જ છોડી મુકવાનો આદેશ કર્યો હતો. તેને છોડી મુકવામાં આવ્યાના એક દિવસ બાદ જ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે આ ઘટનાક્રમને લઈને ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

● અનુસંધાન પાન-૫ પર

# જીડીપીનો ગ્રોથ રેટ ૬.૩

**અર્થવ્યવસ્થામાં ફરી એકવાર તેજીનો દોર શરૂ : નોટબંધી અને જીએસટીની અસર ખતમ થઇ ચુકી : જેટલી**

નવીદિલ્હી,, તા.૩૦

ભારતનો જીડીપી ગ્રોથ રેટ બીજા ત્રિમાસિક ગાળા જુલાઈ-સપ્ટેમ્બરમાં ૬.૩ ટકા રહ્યો છે. આની સાથે જ અર્થવ્યવસ્થા ફરી એકવાર ગતિ પકડી લીધી છે. નાણામંત્રી અરુણ જેટલીએ આજે દાવો કરતા કહ્યું હતું કે, નોટબંધી અને જીએસટીની અસરથી છવાયેલી અર્થવ્યવસ્થામાં મંદી હવે દૂર થઈ ચુકી છે અને તેજીની શરૂઆત થઈ છે. સરકાર તરફથી આજે જીડીપી ગ્રોથના આંકડા જારી કરવામાં આવ્યા હતા. ઈકોનોમીક ગ્રોથના નવા આંકડા દેશ માટે સારા સમાચાર તરીકે છે. એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં ગ્રોથ રેટ ૫.૭ ટકા સુધી ઘટી ગયો હતો. આની સાથે જ ત્રણ વર્ષની સૌથી નીચી સપાટીએ પહોંચ્યો હતો. છેલ્લા પાંચ ત્રિમાસિક ગાળાથી ગ્રોથ રેટમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો પરંતુ હવે ફરી એકવાર વધારો થયો છે. અર્થવ્યવસ્થામાં ગતિ જોવા મળી રહી છે. કારણ કે, બિઝનેસ વધવાના સંકેત મળી રહ્યા છે. જીવીએ છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૫.૬ ટકાથી વધીને ૬.૧ ટકા થયો છે. જીડીપી આંકડામાં સુધારો થતાં એવું લાગી રહ્યું છે કે, તમામ મંદીની અસર ખતમ થઈ છે. બીઝનેસ કારોબારીઓએ જીએસટી કાયદાઓને અપનાવી લીધા છે. રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલે પણ કહ્યું છે કે, તેજીના સંકેત મળી રહ્યા છે. મે મહિનામાં જીડીપી ગ્રોથ રેટ ૯.૨, જુન ૭.૯ ટકા, સપ્ટેમ્બર ૨૦૧૬માં ૭.૫ ટકાનો દર હતો જ્યારે માર્ચ ૨૦૧૭માં ૬.૧ ટકા, જૂનમાં ૫.૭ ટકા અને સપ્ટેમ્બરમાં ૬.૩ ટકાનો દર રહ્યો હતો.

ભારતના ચીફ આંકડા અધિકારી ટીસીએ અનંતે જણાવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષમાં પહેલીવાર ચાલુ વર્ષે જીડીપીમાં વધારો નોંધાયો છે. રૂ. ૨૯.૮૯ લાખ કરોડના અંદાજ સામે રૂ. ૩૧.૬૬ લાખ કરોડનો વધારો થતા જીડીપી ૬.૩ ટકા સુધી પહોંચ્યો છે.

# શેરબજાર કડડભુસ

**સેંસેક્સમાં ૪૫૩ પોઇન્ટનો કડાકો : જુદા જુદા કારણોસર મોટો ઘટાડો નોંધાતા ચિંતાનું મોજુ : બે માસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો નોંધાયો : નિફ્ટીમાં પણ ૧૩૪ પોઇન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૦૨૨૬ રહી : અવિરત મંદી અકબંધ**

મુંબઈ,તા. ૩૦

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ અને નિફ્ટી ઘટીને નીચી સપાટી પર પહોંચી ગયા હતા. સેંસેક્સ આજે ૪૫૩ પોઈન્ટ ઘટીને ૩૩૧૪૯ની નીચી સપાટી પર પહોંચી જતા કારોબારીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ હતુ. શેરબજારમાં હાલના સમયનો સૌથી મોટો કડાકો આજે બોલી ગયો હતો. નિફ્ટી ૧૩૪ પોઈન્ટ ઘટીને નીચી સપાટી પર બંધ રહ્યો હતો. સેંસેક્સ અને નિફ્ટી કડડભુસ થયા હતા. બીજી બાજુ બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમાં બે સપ્તાહમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો થયો હતો. તેમાં ૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સમાં નજીવા ફેરફારની સ્થિતી જોવા મળી હતી. ગુરૂવારના સેશનમાં સેંસેક્સમાં રેકોર્ડ ઘટાડો થયો હતો. છેલ્લા બે મહિનામાં એક દિવસનો સૌથી મોટો કડાકો બોલી ગયો હતો. એપ્રિલ-ઓક્ટોબર ફિસ્કલ ડેફિસીટનો આંકડો ૫.૨૫ લાખ કરોડ સુધી પહોંચી ગયો હતો. એશિયન શેર બજારમાં મંદીનુ મોજુ ફરી વળ્યુ હતુ. શેરબજારમાં મંદી અકબંધ રહી છે. અમેરિકાની રેટિંગ સંસ્થાઓ દ્વારા ભારતનું ગુલાબી ચિત્ર રજૂ કર્યા બાદ શેરબજારમાં છેલ્લા આઠ સેશનથી તેજી ચાલી રહી હતી પરંતુ આજે આ તેજી ઉપર બ્રેક મુકાઈ હતી. હાલમાં મૂડીએ દેશના રેટિંગમાં ૧૩

● અનુસંધાન પાન-૫ પર

# પ્રધાનમંત્રી મોદી પુનઃ બે દિવસ ચૂંટણી પ્રચાર માટે ગુજરાત આવશે

**ત્રીજી અને ચોથી ડિસેમ્બરે મોદી સાતથી વધુ રેલીઓ સંબોધશે : 3 ડિસેમ્બરે સવારે ૧૦.૩૦ વાગે ભરુચથી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર શરૂ કરશે : બે દિવસ દરમિયાન વિકાસ, નોટબંધી સહિતના મુદ્દે ફરી વાત કરશે**

અમદાવાદ, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર જારી રાખવા માટે સજ્જ થયેલા છે. હવે ત્રીજી અને ચોથી ડિસેમ્બરના દિવસે ફરીએકવાર આક્રમક પ્રચાર કરવા પહોંચી રહ્યા છે. મોદી ત્રીજીએ ભરુચ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં વિકાસ રેલીઓ કરશે જ્યારે ચોથીએ ધરમપુર, ભાવનગર, જુનાગઢ અને જામનગરમાં રેલીઓ કરશે. આ રેલી દરમિયાન મોદી પોતાના આક્રમક અંદાજમાં સરકારની વિકાસ કામગીરી અને કોંગ્રેસ પાર્ટીની વર્ષોની નિષ્ફળતાઓનો મુદો ફરીએકવાર રજૂ કરશે. રાજયમાં આગામી ૯ ડિસેમ્બરના રોજ પહેલા તબકકાની ૮૯ બેઠકો માટે મતદાન પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે એવા સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૩ અને ૪ ડિસેમ્બરના રોજ ફરી એક વખત પહેલા તબકકાના પ્રચાર પડઘમ શાંત થાય એ પહેલા સાત જેટલી જાહેરસભાને સંબોધવા રાજયની મુલાકાતે આવી પહોંચશે.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજય વિધાનસભાની બે તબકકામાં ૯ અને ૧૪ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.તેવા સમયે પ્રથમ તબકકામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો ઉપર યોજાનારી ચૂંટણી માટે પ્રચાર અને

● અનુસંધાન પાન-૫ પર

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો કાર્યક્રમ

**ત્રીજી ડિસેમ્બર**

- સવારે ૧૦.૩૦ વાગે ભરુચમાં
- બપોરે ૧૨.૩૦ વાગે સુરેન્દ્રનગરમાં
- સાંજે ૭.૦૦ વાગે રાજકોટમાં

**ચોથી ડિસેમ્બર**

- સવારે ૧૦.૦૦ વાગે ધરમપુરમાં
- બપોરે ૧૨.૦૦ વાગે ભાવનગરમાં
- બપોરે ૨.૦૦ વાગે જુનાગઢમાં
- સાંજે ૪.૦૦ વાગે જામનગરમાં

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




Call Us For More Detail

+91 99789 77011 / +91 75758 06832

Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Appartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421

www.craayonspreschool.com